ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૧ ટકા


# આજે શહેરમાં ગાંધીજી સાર્ધ શતાબ્દી પ્રારંભે કાર્યક્રમો

**સેન્ટ્રલ વિસ્ટા- સ્વર્ણિમ પાર્ક ખાતે સવારે ૭.૦૦ કલાકે અને સાંજે ૫.૦૦ યોજાનાર કાર્યક્રમના આયોજન અંગે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠક**

ગાંધીનગર, તા. ૧

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત તા.૦૨ ઓકટોબર, ૨૦૧૮ના રોજ ગાંધીનગર જિલ્લા કક્ષાનો સર્વધર્મ પ્રાર્થના અને મહાત્મા ગાંધીના વિચારોનું વાંચન કાર્યક્રમ સવારે ૭.૦૦ કલાકે સેન્ટ્રલ વિસ્ટા- સ્વર્ણિમ પાર્ક, ટાઉન હોલ સામે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીન, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ ઉપસ્થિત રેહશે. જયારે મહાત્મા ગાંધીને પ્રિય એવા ભજનો અંગે સંગીત સંધ્યાનો કાર્યક્રમ આજ સ્થળે સાંજે ૫.૦૦ કલાકે સહકાર રાજય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, વન રાજય મંત્રી શ્રી રમણભાઈ પાટકર, રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ પટેલ અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલની ઉપસ્થિતમાં યોજાશે.

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંગે જિલ્લા કક્ષાના આ બન્ને કાર્યક્રમના આયોજન અંગે જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયાની ઉપસ્થિતિમાં જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. તા. ૦૨ ઓકટોબરના રોજ સ્વામિનારાયણ હાઈસ્કુલ, સેકટર-૨૩, સરસ્વતી વિધામંદિર, સેકટર-૧૭, ઓમકાર વિધાલય, સેકટર-૧૩ અને શ્રી જે.એમ.ચૌધરી કન્યા



વિધાલય, સેકટર-૭ના ૬૦૦થી વધુ વિધાર્થીઓની સવારે ૭.૦૦ કલાકે પ્રભાતફેરી શાળાએથી નીકળી સેન્ટ્રલ વિસ્ટા ખાતે આવશે. વિવિધ ધર્મ- સંપ્રદાયના ધર્મગુરૂઓની ઉપસ્થિતિમાં સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમ્યાન હિન્દુ ધર્મ, મુસ્લિમ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, જૈન ધર્મ અને શીખ ધર્મની પ્રાર્થના સભાનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ ગાંધી વિચાર વિશે વિધાર્થીઓનું પઠનના કાર્યક્રમ બાદ ગુજરાત વિધાનસભા ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને મહાનુભાવોના હસ્તે પુષ્પાજંલિ અપાશે. ત્યારબાદ એસ.ટી.ડેપો ખાતે સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાશે. જયારે સાંજે ૫.૦૦ કલાકે મહાત્મા ગાંધીને પ્રિય એવા ભજનો અંગેનો સંગીત સંધ્યાનો કાર્યક્રમ નયન પંચોલી ગૃપ દ્વારા યોજવામાં આવશે.

મહાત્મા ગાંધીજીના આદર્શો, વિચારો અને મૂલ્યોનો ખાસ કરીને યુવાનો અને આવનારી પેઢીમાં પ્રચાર-પ્રસાર થાય તે માટે ગાંધીનગર જિલ્લાના તાલુકા મથકો અને દરેક ગામોમાં શાળાના બાળકો દ્વારા પ્રભાતફેરી અને સર્વધર્મ પ્રાર્થના તથા ગાંધી વિચારોનું વાંચન જેવા કાર્યક્રમો યોજાશે.


આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.બી.બારૈયા, પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઈ સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિધાનસભા સંકુલ ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૧

પૂજ્ય મહાત્મા ગાંધીજીને તા.૨જી ઓકટોબર-૨૦૧૮ના રોજ તેમની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વિધાનસભા ખાતે અધ્યક્ષશ્રી દ્વારા પુષ્પાંજલિ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સવારે ૯-૦૦ કલાકે સૌ પ્રથમ વિધાનસભા સંકુલમાં આવેલી તેમની ભવ્ય પ્રતિમા સમક્ષ, ત્યાર બાદ વિધાસનભા ગૃહમાં તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવામાં આવશે. પૂજ્ય ગાંધીજીને પુષ્પંજલિ આપવા જાહેર જનતાને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા વિધાનસભાના સચિવશ્રી દ્વારા જાહેર નિમંત્રણ આપવામાં આવે છે.



### હેરીટેજ સ્થળોનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર આર્ટસ કૉલેજના ઈતિહાસ અને સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા હેરીટજ વૉક અને ગાંધીઆશ્રમ તેમજ હેરીટેજ સ્થળોના એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. તેમાં ભારતના સૌપ્રથમ ઐતિહાસિક શહેર અમદાવાદ ખાતે પોળોમાં હેરીટેજ વૉકમાં કાલુપુર સ્વામીનારાયણ મંદિર થી શરુ કરી જુમ્મા મસ્જિદ ખાતે આ વોકનું સમાપન થયું. ત્યારબાદ ગાંધીઆશ્રમ તેમજ હેરીટેજ સાઈટ અડાલજની વાવ, ત્રિમૂર્તિ મંદિર, અડાલજ અક્ષરધામ,ગાંધીનગર વગેરે સ્થળોની મુલાકાત લઈ ગુજરાતના વારસા વિશે જાણકારી મેળવી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. આ પ્રવાસમાં કૉલેજસ્ટાફમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.આર.એચ. ભટ્ટ તથા ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા.આર.કોઠારી અને આસી. પ્રોફે.ડૉ.ટી.એમ.શેખ તથા સંજય પ્રજાપતિ અને કૃષ્ણવીર ઝાલા વગેરેએ જરુરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રવાસમાં કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ગાંધીનગરના ભાટ પાસે સાબરમતીમાં અમદાવાદના ચાર યુવાનો ડૂબ્યા

### ચાર પૈકી ત્રણ યુવાનોના મૃતદેહ મળ્યા : ચોથા યુવકનો મૃતદેહ શોધવા ફાયરબ્રિગેડની જહેમત

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીકના ભાટ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીના પટમાં સાઈફનમાં અમદાવાદના ચાર યુવાનો ન્હાવા પડ્યા હતા. જેમાં ચારેય યુવાનો અચાનક જ પાણીમાં ડુબી જતા તમામના કરૂણ મોત થવા પામ્યા હતા. આ ઘટના અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમને જાણ થતા ચાર પૈકી ત્રણ યુવકના મૃતદેહને બહાર નિકાળી લીધા હતા. જ્યારે એક યુવાનની શોધખોળ ચાલુ છે. આ મામલે અડાલજ અને ઈન્ફોસીટી પોલીસ મથકમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ થયો હતો. જેની પોલીસ તપાસ કરી રહી છે.

પોલીસ પાસેથી મળેલી વિગતો અનુસાર અમદાવાદના અસારવા વિસ્તારના ચમનપુરા ખાતે રહેતા ચાર યુવાન મિત્રો દિપક અશોક દંતાણી (ઉં.વ.૧૯, દશરથ કાંતીભાઈ પટણી (ઉં.વ. ૨૩), સુનીલ પ્રહલાદભાઈ પટણી (ઉં.વ. ૧૯ અને એક યુવાન ભાટ ગામ નજીક સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા. આ ચારેય યુવાનો પાણીમાં મોજમસ્તી કરી રહ્યા હતા અને આ દરમિયાન નદી પાસેથી નીકળતી નર્મદા સાઈફન પાસે જતા રહેતા તમામ ચારેય યુવાનો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ડુબી જતા કરૂણ મોત થવા પામ્યા. આ ડુબવાની ઘટનાની જાણ ગાંધીનગર ફાયરબ્રિગેડને થતા તુરંત ઘટનાસ્થળે દોડી જી તમામની શોધખોળ કરી હતી. જેમાં દિપક દંતાણી, દશરથ પટણી અને સુનીલ પટ્ટણીના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા જ્યારે અન્ય એક યુવાનની હજુપણ શોધખોળ ચાલુ છે. આ બનાવ બાબતે દશરથ પટણી અને સુનીલ પટ્ટણીના અકસ્માતે મોતની ફરિયાદ ઈન્ફોસીટી પોલીસ તથા દિપક દંતાણીના અકસ્માતે મોતની ફરિયાદ અડાલજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ હતી. એક સાથે ચારેય યુવાનનું પાણીમાં ડુબી જતા પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા ગોલ્ડન વૉઈસ ઓફ મુકેશ મ્યુઝિકલ નાઈટ યોજાઈ



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા તા. ૨૯મી સપ્ટેમ્બર શનિવારે રાત્રે ટાઉનહોલ ખાતે હિન્દી ફિલ્મોના સુપ્રસિદ્ધ ગાયક સ્વ. મુકેશજીના સુમધુર કર્ણપ્રિય ગીતોનો કાર્યક્રમ 'ગોલ્ડન વૉઈસ ઓફ મુકેશ' તરીકે જાણીતા મુખ્તાર શાહના કંઠે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મુખ્યાર શાહે સાથી કલાકારો નસીમ આનંદ, દિપાલી શાસ્ત્રી અને જસ્મીતા ચૌહાણે રંગ જમાવી મુકેશજીના સદાબહાર ગીતો સાથે નવા યાદગાર ગીતો ગાઈને જમાવટ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું માહિતિપ્રદ સંચાલન ઉદ્‌ઘોષક મોહસીન શેખે કર્યુ હતુ. જ્યારે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા વતી જયશ્રી ખેતિયાએ બાકીનું સંચાલન સંભાળ્યું હતુ. કાર્યક્રમના આયોજનના દાતા મીનીપ પટેલ, હિતેષ શાહ, તુષાર ભરોડિયાનું સંસ્થા વતી વડીલ સભ્યો બકુલ પંજવાણી, એન.પી. પટેલ તથા બ્રહ્માકુમારીઝના સંચાલીકા કૈલાશ દીદીના હસ્તે સન્માન કરાયું હતું. કાર્યક્રમને મોટી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ મનભરીને માણ્યો હતો.

## @ગાંધીનગર

● કલા ગુર્જરી સંસ્થા દ્વારા સવારે ૬.૩૦ કલાકે ટાઉનહોલ સામેના મેદાનમાં ગાંધીપ્રિય ભજનોનો કાર્યક્રમ 'પીડ પરાઈ જાણે રે..' યોજાશે.

● ગાંધીનગર જિલ્લાતંત્ર આયોજિત ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત સવારે ૭ કલાકે સેન્ટ્રલ વિસ્ટા સ્વર્ણિમ પાર્ક ખાતે સર્વધર્મ પ્રાર્થના અને ગાંધી વિચારોનું વાંચન યોજાશે.

● હેપ્પી યુથ ક્લબ દ્વારા મધુર ડેરીના સંયુક્ત ઉપક્રમે સવારે ૯.૩૦ કલાકે 'ક' રોડ પર મધુર ડેરીથી ક-૫ સર્કલ સુધી સ્વચ્છતા અભિયાન યોજાશે.

● જિલ્લાતંત્ર આયોજિત ગાંધી જયંતિની ઉજવણી અંતર્ગત સાંજે ૫.૩૦ કલાકે સેન્ટ્રલ વિસ્ટા સ્વર્ણિમ પાર્ક ખાતે મહાત્મા ગાંધીને પ્રિય ભજનનોની સંગીત સંધ્યા યોજાશે.

● ગાંધીનગર એક્સ સર્વિસમેન વેલ્ફેર એસો. દ્વારા સ્વચ્છ ભારત અભિયાન ૨૦૧૮ અંતર્ગત સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન મેડીકલ કોલેજ કેમ્પસ સે. ૧૨ ખાતે યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીજીના જીવન વિશે વાર્તાલાપ, પુસ્તક વાંચન, સત્યના પ્રયોગો વિશે શાળાના વિદ્યાર્થીઓને માહિતગાર કરાશે સાથે વન્ય પ્રાણી સપ્તાહ દિની ઉજવણીના ભાગરૂપે વન્યજીવોનું મહત્વ અને સરંક્ષણ વિશે માર્ગદર્શન સાંજે ૬-૦૦ થી ૭-૩૦ સુધી સે. ૭ સુવિધા કચેરી પાસે યોજાશે.

● સુદર્શન ફાઉન્ડેશન સંચાલિત સરગમ કલ્ચર ગ્રુપ ઠાકોર સમાજ દ્વારા હાસ્ય દરબાર અને સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન આંબેડકર હોલ, સે. ૧૨ ખાતે કરાશે.

## સી.એમ. શેઠ નર્સીંગ કોલેજ સિવિલ હોસ્પિટલ ખાતે મિડિયેશન અવેરનેસ કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે મિડિયેશન અવેરનેસ એટલે કે કોર્ટમાં કેસ ચલાવ્યા સિવાય મધ્યસ્થતાથી કેસોના સમાધાનની વ્યવસ્થાની જાણકારી માટે સી.એમ. શેઠ નર્સીંગ કોલેજ સિવિલ હોસ્પિટલ ખાતે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ગુજરાત હાઈકોર્ટમાં તાલીમ પ્રાપ્ત મિડિયેટર અને પેરા લીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ મિડિયેશન અવેરનેસ અંગે પૂર્ણ જાણકારી આપી આ સુવ્યવસ્થાનો પૂરો લાભ લેવા ઉપસ્થિત સર્વેને અનુરોધ કર્યો હતો.

આ શિબિરમા મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના પ્રિન્સિપાલ રાજેશભાઈ રાવલ તથા સર્વે ફેકલ્ટી મેમ્બર્સ અને કોલેજની લગભગ ૨૭૫ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પેરા લીગલ વોલન્ટીયર સર્વ જિગિશાબેન ઉપાધ્યાય, મધુસુદનભાઈ જોષી, મનસુખભાઈ કોટેચા, મહેન્દ્રભાઈ ચૌહાણ તથા અનિલભાઈ કક્કડ પણ હાજર રહ્યા હતા.

## સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા સ્વચ્છતા અભિયાન



ગાંધીનગર, તા. ૧

સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા પૂ. શાસ્ત્રી સ્વામી હરકેશવદાસજીની પ્રેરણા અને શાસ્ત્રી સ્વામી હરપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ મંદિરના સંતો યુવાનો, હરિભક્તો સાથે મળી જાહેર રસ્તાઓ તથા મેદાન સાફ કરીને સુંદર પ્રેરણા આપી હતી.

આ મંદિરના પ્રણેતા પૂ. ગુરૂજી સદેવ સ્વચ્છતાના હિમાયતી છે. હજારો ભક્તોની અવરજવર આ મંદિરમાં હોવા છતાં ક્યારે પણ મંદિરની આજુબાજુ કચરો ગંદકી કરવામાં આવતી નથી.

## વાવોલના આકાર ફ્લેટમાંથી ૧.૩૦ લાખના દાગીનાની ચોરી

**ધોળે દિવસે તસ્કરો દરવાજાનું તાળુ તોડી મુદ્દામાલ લઈ ગુમ થઈ ગયા**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીકના વાવોલ ઉવારસદ માર્ગ પર સ્થિત ફેલ્ટના બંધ મકાનમાં તસ્કરો હાથ ફેરો કરી ગયા હતા. તસ્કરોએ મકાનમાંથી રૂ. ૧.૩૦ લાખની મત્તાના સોનાના દાગીનાની ચોરી કરી ગુમ થઈ ગયા હતા. આ ચોરી મામલે સેક્ટર-૭ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

પોલીસ પાસેથી મળેલી વિગતો મુજબ ગાંધીનગર નજીકના વાવોલ-ઉવારસદ માર્ગ પર આકાર લારાઈસ ફ્લેટની સ્કીમ આવેલી છે. જ્યાં રહેણાંક મકાન નં. ૧/૧૦૪ ખાતે સંદિપભાઈ જયંતિભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને કૃષિભવનમાં કરાર આધારીત ડ્રાઈવર તરીકે કામ કરે છે. દરમિયાન ગતરોજ સવારે ૯ વાગ્યાના અરસામાં પોતાના પરિવાર સાથે ઘરના દરવાજાને તાળુ મારી પોતાના કામથી બહાર ગયા હતા અને બપોરે ૨ વાગ્યા સુધીમાં પરત આવી ગયા હતા. ઘરે પરત આવીને જોતા ઘરનું તાળુ તુટેલી હતુ અને અંદરનો સરસામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો.

આ ચોરી અંગેની જાણ થતાં તુરંત સેક્ટર-૭ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી અને ફરિયાદી સંદીપ પટેલની ફરિયાદના આધારે ઘરમાંથી સોનાનું મંગળસૂત્ર, સોનાની વીંટી અને સોનાની ચેઈન મળી તસ્કરો રૂ. ૧.૩૦ લાખની મત્તાની ચોરી કરી ગયા હતા. આ મામલે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પીએસઆઈ એ.જે. શાહ ચલાવી રહ્યા છે.

## વર્લ્ડ વોકિંગ-ડે ના રોજ ૨૦૦ જણાએ શિસ્તબદ્ધ ૧૦ કિ.મી.નું વોકિંગ કર્યું

ગાંધીનગર, તા. ૧

વિશ્વ વોકિંગ ડે દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરના રોજ ઉજવાય છે. એ અન્વયે કુડાસણ ખાતેના ગુજરાત ગારમેન્ટ ઝોન ખાતેથી ગઈકાલે વોકિંગ ડે નું આયોજન



કરવામાં આવ્યું હતું. અહીંથી નીકળેલી વોકિંગ રેલી સ્વામિનારાયણ ધામ થઈ પરત ફરી કુલ ૧૦ કીમી. વોકિંગ કરી આવી હતી. આ વોકિંગ રેલીનું એડવોકેટ એ.આર. ગુપ્તા, એડવોકેટ નિતા પંડિત અને સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા ફલેગ ઓફ કરાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ વોકિંગ ડે જર્મનીની ટફીસા, હોંગકોંગની આસફા અને ભારતની સ્પોર્ટસ ફોર ઓલ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

લોકો નિયમીત પણે વોકિંગ કરે અને મેદસ્વિતા, ડાયાબિટીશ, હૃદયરોગ, બ્લડપ્રેશર જેવા રોગોથી મુક્ત રહે એવા ઉમદા હેતુથી વિશ્વભરમાં વર્લ્ડ વોકિંગ ડે ઉજવાય છે. આ વખતે આમાં ગાંધીનગર પણ સહયોગી બન્યું હતું અને ૨૦૦ જણાએ શિસ્તબદ્ધ રીતે ૧૦ કિ.મી. વોકિંગ કરીને આ દિવસને મનાવ્યો હતો.

માત્ર ૬ વર્ષની જઈતા વૈષ્ણવે ૧૦ કિમી. ચાલીને સૌને અચંબીત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા નિતા પંડિત અને નિષધ ધ્રુ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## આર.સી. પટેલ સ્કૂલમાં ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શાળા પરિવારે સમુહપ્રાર્થના કરી હતી. ગાંધીજીનું પ્રિય ગીત વિદ્યાર્થીનીઓએ ગાયું હતું. સુપરવાઈઝર પ્રવિણભાઈએ ગાંધીજીના જીવનના સંસ્મરણો રજુ કર્યા હતા. શિક્ષક સંજય ત્રિવેદીએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઠાકર ક્રિષ્નાએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતુ. સંચાલન રૂપલબેને કર્યુ હતુ. સફળ આયોજન દેવયાનીબેન શુકલે કર્યુ હતુ. વંદેમાતરમ ગીત ગાઈ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપેલ હતી.

## દેના ગુજરાત ગ્રામીણ બેંક તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા. ૧

પુ. મહાત્મા ગાંધીના આદેશ અને વિચાર તથા ભારત સરકારના 'સ્વચ્છતા એજ સેવા, ૨૦૧૮' અભિયાન અંતર્ગત દેના ગુજરાત



ગ્રામીણ બેંક, વડી કચેરી ગાંધીનગર તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગીરીશકુમાર બંસલ, જનરલ મેનેજર, દેના ગુજરાત ગ્રામીણ બેંક તથા મહામંડળના પ્રમુખ અરૂણ બુચની આગેવાની હેઠળ મહાત્મા ગાંધીના વિચારને અમલમાં મુકતા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગરના સેક્ટર-૨૪ની પ્રાથમિક શાળાના પ્રાંગણમાં સ્વચ્છતા ઝુંબેશમાં બંસલ ઉપરાંત અરૂણ બુચ સહીત દેના ગુજરાત ગ્રામીણ બેંકની વડી કચેરીના અધિકારીઓ અને મોટા પ્રમાણમાં કર્મચારીઓએ ગાંધીનગર મહાનગરપાલિકાના નાગેન્દ્રસિંહ (સેનેટરી સબ ઈન્સ્પેક્ટર) તથા અમીત પટેલ (સેનેટરી ઈન્સ્પેક્ટર)ના સહકારથી 'મહાત્મા ગાંધી' જયંતીના પૂર્વ દિવસે તેમના વિચારોને આચારમાં મુકતા બેંક કર્મચારીઓ તથા મહામંડળના પદાધિકારીઓએ સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કરી કલમને બદલે ઝાડુ પકડી સ્વચ્છ અને સ્વસ્થ ભારત અભિયાનમાં પ્રાણ પૂર્યા હતા.

અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં દેના ગુજરાત ગ્રામીણ બેંક તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સેવાઓ આપી રહેલ છે. તેના ભાગરૂપે સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પુરોહિત કિરીટકુમાર નંદલાલ-૬૮
- સ્વ. રાણીદાન જશાજી બારોટ-૬૦
- સ્વ. ઈશ્વરલાલ બુખારીદાસ પટેલ-૮૧

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧